ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# ઈ.સ. 1929 ની વૈશ્વિક મહામંદીની સામાજિક અને આર્થિક અસરો

**Author:**

**Dr. NANDLAL NARAN CHHANGA**

**Designation:**

**ASSISTANT PROFESSOR**

**સારાંશ**

'ઈ.સ.1929માં જર્મની કુલ 63 કરોડ પાઉન્ડની નિકાસ કરી શક્યું હતું, તે ત્રણ જ વર્ષમાં ઘટીને ઈ.સ. 1932માંતે માત્ર 28 કરોડ પાઉન્ડની જ થઇ ગઈ. આને પરિણામે જર્મનીનાં ગોડાઉનો ઉત્પાદિત માલથી ઉભરાવા લાગ્યાં અને કારખાનાં ટપોટપ બંધ થવા લાગ્યાં. બેકારોની સંખ્યા 60 લાખ ઉપર પહોંચી ગઈ. જર્મનીમાં તો 16 થી 32 વર્ષનાં અર્ધોઅર્ધ યુવાનો બેકાર હતા.'

**– ઈ.એચ.કાર**

**('ઇન્ટરનેશનલ રિલેશન્સ બિટવીન ટુ વર્લ્ડ વૉર્સ')**

વિશ્વવ્યાપીમહામંદીએર૦મીસદીનીસૌથીગોઝારીઘટનાકહીશકાય. પ્રથમવિશ્વયુદ્ધપછીવિશ્વધીમેધીમેવિકાસનાપંથેઆગળવધીરહ્યુંહતું. જુદાજુદાદેશોઆકાળમુખાયુદ્ધનેભૂલીનેઆર્થિકવિકાસકરવામાટેમથામણકરીરહ્યાહતા. વિશ્વયુદ્ધનાએકદાયકાબાદતેમાંધીમેધીમેસફળતાપણમળીરહીહતી. તેવામાંજવિશ્વનાદેશોનેઆમહામંદીનોસામનોકરવોપડ્યો. અનેવિશ્વનાદેશોનીઆર્થિકપરિસ્થિતિડામાડોળથવામાંડી. વિશ્વમાંગરીબી, બેકારીજેવીઅનેકસમસ્યાઓનોવધારોથવાલાગ્યો. અમેરિકાથીશરુથયેલીઆવિશ્વવ્યાપીમહામંદીએધીમેધીમેયુરોપનીસાથેસાથેસમગ્રવિશ્વનેપણપોતાના ભરડામાંલઇલીધુંહતું. જેનાઅનેકમાઠાપરિણામોવિશ્વએભોગવવાપડ્યાહતા. પ્રસ્તુતપેપરમાંવિશ્વવ્યાપીમહામંદીનેકારણેવિશ્વમાંપડેલીઆર્થિકઅનેસામાજિકઅસરોનીરજૂઆતકર વામાંઆવીછે.

**પૂર્વભૂમિકા :**

20મી સદીના ત્રીજા દાયકા સુધી વિશ્વ 'યુદ્ધેત્તર અવસ્થા'માંથી મુક્ત થઇ ગયું હતું. યુરોપમાં રાજકીય સ્થિરતા સ્થપાઇ હતી, માંગની વૃદ્ધિ સાથે વ્યાપાર વ્યવસ્થિત રીતે ચાલતો હતો, પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન કપાઇ ગયેલા વ્યાપારિક સંબંધો પુનઃ સ્થાપિત થઇ ચુક્યા હતા, અમેરિકા અને યુરોપ ના રાષ્ટ્રો આર્થિક દ્રષ્ટિએ સ્થિર હતા. અમેરિકા માટે યુદ્ધોત્તર સમય આર્થિક દ્રષ્ટિએ અભિવૃદ્ધિનો સ મય (PeriodofBoom) હતો.પ્રથમ યુદ્ધકાળ દરમિયાન જાપાનમાં વિશાળ કારખાનાંની સ્થાપના થઈ

હતી અને તેમાં ઉત્પાદન પણ સારી માત્રામાં થતું હતું. જર્મની પણ આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર આવી ગયું હતું. તેની આર્થિક સ્થિતિપણ સુધરી હતી. વિશ્વમાં કાચા માલસામાન અને ખાદ્ય પદાર્થના ઉત્પાદનમાં 11 ટકાનો વધારો થયો હતો તેમજ કારખાનામાં બનતી વસ્તુઓનું ઉત્પાદન પણ 26 ટકા વધી ગયું હતું. રશિયાએ ક્રાંતિથી ઉત્પન્ન થયેલી મુશ્કેલીઓ નો સામનો કરીને પોતાના કરોડો લોકો માટે પંચવર્ષીય યોજનાનો અમલ આરંભી દીધો હતો. સર આ થર વોલ્ટર લખે છે કે 1929માં જો કે કેટલાક દેશોમાં સાપેક્ષ દ્રષ્ટિએ થોડીક ઓટ આવી હતી, તો પણ સમગ્ર રીતે વિચારતાં વિશ્વની સ્થિતિઅગાઉના કરતા ઘણી સારી હતી અને તે ઝડપથી એવી સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યું હતું કે તેના પતનનાં બીજ વિદ્યમાન હતા. આ બધી ચમકદમક ઉપરછલ્લી હતી. 1929ના ઓક્તટોંબરમાં વિશ્વની પરિસ્થિતિ અચાનક પલટાઈ ગઈ. 1929ના ઓ કટોબરમાં વોલ સ્ટ્રીટ સંકટ વિશ્વવ્યાપી મહામંદીમાં ફેરવાઈ ગયું અને યુરોપભરના દેશોને ભરખી ગ યું. આ મહાન મંદી અંગેના પ્રસિદ્ધ લેખક આર્થર લુઈ લખે છે કે ઈ.સ. 1929માં આરંભાયેલી મંદી કો ઈ સાધારણ મંદી ન હતી,પરંતુ આધુનિક ઈતિહાસમાં પોતાના વ્યાપ અને કઠોરતાની દ્રષ્ટિએ સૌથી ભયાનક અને ભીષણ મંદી હતી, તથા મંદીની ખરાબ સ્થિતિ તો 1932માં અનુભવાઈ, જ્યારે બેકારો ની સંખ્યા વધતા વધતા ત્રણ કરોડ સુધી પહોંચી ગઈ. આ મંદી સંયુક્ત રાજ્ય અમેરિકા પૂરતી જ મર્યા દિત ન રહેતા વિશ્વના બધા દેશોમાં ફેલાઈ, એટલે તેને વિશ્વવ્યાપી મહામંદી નામથી સંબોધવામાં આ વતી હતી.

VIDHYAYANA

### વિશ્વવ્યાપી મહામંદીની અસરો :

192930ની વિશ્વવ્યાપી આર્થિક મહામંદી એ બે વિશ્વયુદ્ધોની વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ ઘટના હ તી. પ્રો. ડેવિડ થોમ્સને વિશ્વવ્યાપી મહામંદીને વિશ્વયુદ્ધની સમાન બતાવી છે. જેમ વિશ્વયુદ્ધે સમગ્ર વિશ્વને પોતાના વિનાશકારી પ્રભાવમાં લપેટી લીધું હતું, તેમ આ વિશ્વવ્યાપી આર્થિક મહામંદીએ વિ શ્વના સઘળાં દેશોના પોતાના ભરડામાં લઈને સમગ્ર માનવજીવનને પ્રભાવિત કર્યું હતું. 1929ની વિશ્વ વ્યાપી મહામંદીએ વિશ્વના દેશોની આર્થિક વ્યવસ્થાને પ્રભાવિત કરી. એટલું જ નહિ, પરંતુ ઘણાં દે શોના રાજકીય માળખાને પણ પ્રભાવિત કર્યું હતું. પ્રો. હરિશંકર શર્માના મતે વિશ્વવ્યાપી મહામંદીના વિશ્વવ્યાપી પરિણામો નીચે મુજબ નોંધી શકાય :

- **આર્થિક અસરો :**

**1. આર્થિક વ્યવસ્થા પર વધતાં જતા રાજકીય નિયંત્રણો (મુક્ત વ્યાપારને સ્થાને નિયંત્રિત વ્યાપાર નીતિ) :**

1929-
30 ના આર્થિક મહાસંકટે આર્થિક વ્યવસ્થાના માન્ય સિદ્ધાંતો પર પ્રાણઘાતક ફટકો લગાવ્યો. 1929 ના આર્થિક સંકટ પહેલા મોટાભાગના દેશો મુક્ત વ્યાપારના સિદ્ધાંતોનું પાલન કરતા હતા. આ સિ દ્ધાંત હેઠળ વ્યાપારના ક્ષેત્રે રાજ્ય સરકારો ઓછામાં ઓછા હસ્તક્ષેપ કરતી હતી, પરંતુ આ વિશ્વવ્યા પી આર્થિક સંકટે વિશ્વની સરકારોને પોતાના વ્યાપાર પર વિભિન્ન નિયંત્રણો લાદવા માટે વિવશ કરી , જેથી મુક્ત વ્યાપારની નીતિનો ત્યાગ કરવો પડયો. આ આંતરરાષ્ટ્રીય વ્યાપારના ક્ષેત્રે આયાત અને નિકાસને લગતા કેટલાક નિયમો ઘડવામાં આવ્યા. આ આર્થિક સંકટ પૂર્વે વ્યાપારીઓ પોતાના આ ર્થિક લાભની દ્રષ્ટિએ ‘ઉપભોક્તા–વસ્તુઓ’ની આયાત–
નિકાસ કરતા હતા. પરંતુ હવે સરકારે પોતાના અને પોતાની જનતાનાં હિતોને લક્ષમાં રાખીને વસ્તુ ઓનું આયાત અને નિકાસ માટે અનુમતિ આપતી હતી. દેશમાં વિદેશી આયાતો રોકવા માટે સરહ દી–
જકાતોમાં વધારો કરવામાં આવ્યો અને લાયસન્સ પ્રથા દાખલ કરવામાં આવી. મુક્ત વ્યાપારના સમ ર્થકોએ પણ આ આર્થિક સંકટના સમયમાં આર્થિક વ્યવસ્થા પર વધતા જતા રાજ્યના નિયંત્રણોનો વિરોધ કર્યો નહિ. અમેરિકા જેવા મૂડીવાદી દેશને પણ મુક્ત વ્યાપારની નીતિનો ત્યાગ કરવો પડયો. ત્યાંના રાષ્ટ્રપ્રમુખ એફ.ડી.રૂઝવેલ્ટને તેની નવી આર્થિક નીતિ હેઠળ અનેક આર્થિક સુધારાઓ કરવા પડયા હતા. તેણે પોતાની નવી આર્થિક નીતિ (ન્યુ ડીલની નીતિ) હેઠળ આર્થિક ક્ષેત્રોમાં હસ્તક્ષેપ ક રવાનો અસાધારણ અધિકાર હાંસલ કરી લીધો હતો. વિશ્વના અન્ય દેશોએ આ આર્થિક મહામંદીના સંકટને ઉકેલવાના કે પહોંચી વળવાના હેતુ માટે અપનાવેલા ઉપાયો પરથી એ સ્પષ્ટ થાય છે કે તેમણે પણ થોડેઘણે અંશે આર્થિક નિયંત્રણો આર્થિક ક્ષેત્રે અપનાવ્યા હતા. આ બધા પરથી સ્પષ્ટ થાય છે કે વિશ્વના દેશોએ પણ મુક્ત વ્યાપારની નીતિનો ત્યાગ કરીને વિવશ બનીને નિયંત્રિત વ્યાપાર નીતિ અપનાવવી પડી હતી.

**2. ઉગ્ર આર્થિક રાષ્ટ્રવાદની ભાવનાનો પ્રાદુર્ભાવ :**

1929ની આર્થિક મહામંદીએ આંતરરાષ્ટ્રીય સહકારને સ્થાને ઉગ્ર આર્થિક રાષ્ટ્રવાદનું સર્જન ક ર્યું. એક રીતે જોઈએ તો પ્રથમ વિશ્વયુદ્ધે જ યુરોપીયન દેશોમાં આર્થિક રાષ્ટ્રવાદની ભાવનાને ઉત્પન્ન

કરી હતી, પરંતુ 1929ના આર્થિક સંકટે દરેક રાષ્ટ્રને સંરક્ષણ નીતિ અપનાવવા માટે વિવશ કરીને આંતરરાષ્ટ્રીય વ્યાપારને મર્યાદિત કરી દીધો હતો, પરિણામે દરેક રાષ્ટ્ર સૌથી પહેલું પોતાનું આર્થિક હિત વિચારવા લાગ્યું, જેથી રાષ્ટ્રોનો દ્રષ્ટિકોણ સંકુચિત થઇ ગયો. અલબત્ત, એ નિઃશંકપણે કહી શકાય કે આર્થિક રાષ્ટ્રવાદ અપનાવાથી વિશ્વના રાષ્ટ્રોને આર્થિક સંકટને પહોંચી વળવામાં સહાયતા મળી હતી , પરંતુ તેનું દુરોગામી પરિણામ રાષ્ટ્રોને માટે અહિતકારી પુરવાર થયું, કારણ કે આના પરિણામે રાષ્ટ્રોનો 1/3 વ્યાપાર નષ્ટ થઇ ગયો. તેમણે પોતાની કેટલીક ઉપભોક્તા વસ્તુઓનું વિદેશી બજાર ગુમાવી દીધું હતું.

**3. અમેરિકા વિશ્વના પ્રથમ ધનાઢય દેશ તરીકે ઉભરી આવ્યો :**

1929ના આર્થિક સંકટે મૂડીવાદી દેશોની આર્થિક વ્યવસ્થાને અધિક પ્રભાવિત કરી હતી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી અમેરિકા વિશ્વના પ્રથમ ધનાઢય દેશના રૂપમાં ચપસી આવ્યો. તેણે યુરોપના દેશોને લોનપેટે નાણા ધીર્યા હતા, તેણે જર્મનીને લોનપેટે નાણાં ધીરીને તેની ક્ષતિપૂર્તિની રકમ ચૂકવવા માટે સક્ષમ બનાવ્યું હતું. પરંતુ ખૂબીની વાત તો એ છે કે 1929ની આ આર્થિક મંદીનો પ્રારંભ પણ અમેરિકાથી થયો. એ મંદીનો પ્રભાવ પણ અમેરિકાની આર્થિક વ્યવસ્થા પર જ સૌથી અધિક પડયો હતો અને ત્યાંની રૂઝવેલ્ટની સરકારને તેને પહોંચી વળવા માટે સૌથી અધિક કઠોર અને વ્યાપક કાનૂન બનાવવા પડયા હતા. બીજો મૂડીવાદી દેશ હતો ઇંગ્લેન્ડ. તે આંતરરાષ્ટ્રીય વ્યાપારનું કેન્દ્ર હતો, પરંતુ આર્થિક સંકટના લીધે તેણે પણ આર્થિક રાષ્ટ્રવાદની ઉગ્ર નીતિ અપનાવવી પડી હતી.

**4. સામ્યવાદની સફળતા :**

સામ્યવાદી રશિયા આ ભયંકર આર્થિક સંકટથી અપ્રભાવિત હતું. તે મિત્રરાષ્ટ્રોની અનુમતિ વિના 1917માં યુદ્ધથી અલગ થઇ ગયું હતું અને તેણે જર્મની સાથે સંધિ કરી લીધી. આ કારણે યુરોપના દેશોએ તેનો બહિસ્કાર કર્યો હતો. 1917ની બોલ્શેવિક ક્રાંતિના પરિણામે રશિયામાં સામ્યવાદની સ્થાપના થઇ. રશિયા તેની સફળતા અંગે યુરોપીયન રાજપુરુષોને આશંકા હતી, પરંતુ સ્ટાલિનના આર્થિક સુધારા અને આર્થિક યોજનાઓ (પંચવર્ષીય યોજનાઓ) ના ફળસ્વરૂપે સોવિયેટ રશિયામાં ન તો બેરોજગારી ફેલાઇ અને ન તો ઉધોગ–ધંધાના વિકાસમાં કોઇ મુશ્કેલી આવી. આમ, 1929 ના આર્થિક સંકટે સોવિયેટ રશિયાની આર્થિક વ્યવસ્થાના પાયાને હચમચાવી શકી નહી. 192

9ના આર્થિક સંકટ સામે સોવિયેટ રશિયાના આ સફળતાનું શ્રેય યુરોપના રાજપુરૂષો પણ સામ્યવાદ ને જ આપે છે.

- **સામાજિક અસરો :**

**1. સરમુખત્યારશાહીનો ઉદય:**

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે મિત્રરાજ્યોએ વિશ્વને લોકશાહીને સહીસલામત બનાવવા માટે યુદ્ધ લડી રહ્યાની જાહેરાત કરી અને મિત્રરાજ્યોએ પોતાના વિજયને લોકશાહીનો વિજય બતાવ્યો હતો, પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી યુરોપના લોકોએ લોકશાહી સરકાર પાસે રાખેલી આશાઓ ફળી ભૂત થઈ નહીં. પરિણામે પ્રથમ વિશ્વયુદ્ધની સમાપ્તિ પછીના થોડાં જ વર્ષોમાં યુરોપના અનેક રાજ્યો માં લોકશાહીને સ્થાને સરમુખત્યારશાહીની સ્થાપના થઈ. ઈટાલીમાં મુસોલિની અને જર્મનીમાં હિટ લર જેવા સરમુખત્યારોએ તાનાશાહીની સ્થાપના કરી સમાજમાં ધૃણા ફેલાવવાનું કામ કર્યું.

**2. બેરોજગારીમાં વધારો :**

વિશ્વવ્યાપી મહામંદીને લીધે યુરોપના મોટાભાગનાં દેશોમાં કારખાનાઓ બંધ થવાને લીધે બેરોજગારીની સમસ્યા દિનપ્રતિદિન વધતી ગઈ હતી. ઈ.સ. 1932માં જર્મનીમાં 60 લાખ લોકો બેરો જગાર બન્યા હતા, જ્યારે અમેરિકામાં તો આ સંખ્યા 1 કરોડ 30 લાખ જેટલી થવા પામી હતી.

**3. કુટુંબપ્રથા પર વિપરિત અસર :**

મહામંદીની ભયાનક અસર કુટુંબપ્રથા પર પડી હતી. લોકો કામધંધાની શોધમાં અન્ય સ્થળે જતાં કુટુંબો વિભક્ત અને અસ્તવ્યસ્તબન્યા હતા. લગ્નદરમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેના લીધે જ ન્મદરમાં પણ નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. જો કે, લોકો વકીલોની ફી ભરવા સક્ષમ ન હોવાથી છૂ ટાછેડાનાં દરમાં ઘટાડો જોવા મળ્યોહતો. આ સમયગાળા દરમ્યાન જન્મનાર બાળકોમાં કૂપોષણનું પ્રમાણ પણ વધારે જોવા મળ્યું હતું.

**4. સ્ત્રીઓ પર અસર :**

ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

મહામંદીની સ્ત્રીઓ પર કેટલીક હકારાત્મક અસરો જોવા મળી હતી. આ સમયગાળા દરમ્યાન યુરોપની સ્ત્રીઓએ આગળ આવીને પોતે પગભર બનવાનાં પ્રયાસો કર્યાં હતા. જેથી તેમને મતાધિકાર તેમજ અનેક અન્ય અધિકારો પણ જે તે દેશની સરકારોએ આપવા પડયા હતા.

## 5. દૂષણોમાં વધારો :

મહામંદીને લીધે યુરોપમાં અનૈતિક બાબતોમાં વધારો થવા પામ્યોહતો. લાખો લોકો બેરોજગાર બનવાથી તેઓએ દૂષણોનો સહારો લીધો. જેને લીધે તેઓ માનસિક તાણનો ભોગ બન્યા અને લોકોમાં આત્મહત્યાનું પ્રમાણ વધ્યુંહતું.

## સંદર્ભસૂચી


- ભટ્ટ,દેવેન્દ્ર ( ૨૦૧૪). *યુરોપનોઈતિહાસ( ૧૭૮૯થી૧૯૫૦)*, યુનીવર્સીટીગ્રંથનિર્માણબોર્ડ, અમદાવાદ.
- પાઠક, રમેશચંદ્ર (૨૦૧૫). *આધુનિકવિશ્વકાઈતિહાસ*, વિનાયકપબ્લીશીંગહાઉસ, વારાણસી.
- અનુપકુમાર (૨૦૧૨). *આધુનિકયુરોપકાઈતિહાસ (૧૪૫૩-૧૯૪૫)*, આકારબુક્સપબ્લીકેશન.